રાજ્યની સબ જેલો તથા નવનિર્મિત જિલ્લા જેલોમાં ટેલિફોન બુથની સુવિધા શરૂ કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
### ઠરાવ ક્રમાંકઃજલક/૧૭૨૦૦૮/૪૨૨૫/જ.
### સચિવાલય, ગાંધીનગર.
### તારીખ:૦૯/૦૨/૨૦૧૭.

**સંદર્ભ:**

(૧) ગૃહ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૦નો સમાનાંકી ઠરાવ.

(૨) ગૃહ વિભાગનો તા.૦૭/૦૧/૨૦૧૪નો સમાનાંકી ઠરાવ.

(૩) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૦૩/૦૮/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃખાસ/૧/૫૯૨/૨૦૧૫.

**ઠરાવ:**

રાજ્યની અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓ માટે સંદર્ભ ક્રમાંક:(૧) ઉપરના ઠરાવથી ટેલીફોન બુથની સુવિધા શરૂ કરવામાં આવેલ તેમજ સંદર્ભ ક્રમાંક: (૨) ઉપરના ઠરાવથી રાજયની તમામ મધ્યસ્થ જેલો, જિલ્લા જેલો તથા ખાસ જેલ ખાતે ટેલિફોનિક બૂથની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. રાજ્યની જેલોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને જેલના મહત્તમ કેદીઓ ટેલિફોન બુથની સુવિધાનો લાભ ઉઠાવી શકે તે માટે રાજ્યની સબ જેલો તથા નવી બનેલ જેલ રાજપીપળા જિલ્લા જેલ અને ગળપાદર જિલ્લા જેલમાં પણ ટેલિફોન બુથની સુવિધા શરૂ કરવા સંદર્ભ(૩)માં દર્શાવેલ પત્રથી જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદે દરખાસ્ત કરેલ.

૨. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ રાજ્યની ૧૦ સબ જેલો ( હિંમતનગર, મોડાસા, નવસારી, ભરૂચ, ગોધરા, ગોંડલ, છોટાઉદેપુર, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર) અને ૦૨ જિલ્લા જેલો (રાજપીપળા તથા ગળપાદર જિલ્લા જેલ)માં, સંદર્ભ ક્રમાંક:(૨)માં દર્શાવેલ ઠરાવમાં નિર્દિષ્ઠ કરાયેલ શરતોને આધીન ટેલિફોન બુથ શરૂ કરવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત પટેલ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(જે.ઈ.જ.શ્રી મારફત)
- સર્વે જેલ અધિક્ષકશ્રી(જે.ઈ.જ.શ્રી મારફત)
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/સિલેકટ ફાઇલ.